સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

થશે ઘાયલ પ્રજા માંધવારીના બૉંબ ફૂટશે !
થશે ઉજવણીનું સૂરસૂરીયું લવીંગીયા ફૂટશે !
દેખાશે દિવસે તારામંડળ નિસ્તેજ ચહેરે -
રેલાશે રંગ ધનિકોનો, હવાઈ ફૂટશે

હાઈકુ

થૈ જાય શાંત !
રેલાવી અજવાશ -
ક્ષણ ભરનું...

થાય અદૃશ્ય !
આશા આકાશે
(રંગીન રેખાઓ)

(વાચદાની કોઠી)

ચિંતન

ઘટાકાશં મહાકાશ ઈવાત્માનં પરાત્મતનિ ।
વિલાપ્યાખણ્ડભાવેન તૂષ્ણીં ભવ સદા મુને ॥

ઉપરોક્ત શ્લોક વિવેક ચૂડામણી ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

હે મુનિ !! ઘટો ફૂટી જાય ત્યારે એમાનું આકાશ મહાન વ્યાપક આકાશમાં વિલીન થાય છે. તેમ (અહંકારમુક્ત) આત્માને પરમાત્મામાં વિલીન ખરી, અખંડ બ્રહ્માભાવથી સદા મૌન ધારણ કરે.

આપણું અભિમાન - મદ - હું પણું - મમત્વ આપણને બાંધી રાખે છે એક ઘડામાં પૂરેલા સાપની જેમ આપણો અજગર એમાં બંધ રહે છે એ અજગર રૂપી હવા - વિલીન કરવા અભિમાનનો ઘડો ફો.ડી નાખો ઘડામાં રહેલું આકાશ વીલીન થઈ જાય તેમ અભઇમાન અહંકાર મુક્ત 'આત્મા' 'પરમાત્મા'માં વિલીન થઈ જશે.

સુવિચાર

- ભારતનું ભાવિ આ વેદ અને કુરાન, ઈસ્લામ એનું શરીર ને વેદાંત એનો પ્રાણ - **સ્વામી વિવેકાનંદ**
- વગર ભણતરે માણસને જે આગળ ધપાવે છે તેને બુદ્ધિ કહે છે - **બ્રહ્મસૂત્ર**
- ઈશ્વરથી બીતાં શીખીએ તો માણસથી બીતા મટી જશું - **ગાંધીજી**
- જેમને સ્મારકની જરૂર નથી તેમને જ સ્મારક શોભે છે - **જેમ્સ રસેલ**
- ફિલસૂફી દોષોને મૂળમાંથી ઉખાડી નાખે છે અને મનને સારાં બીજ માટે તૈયાર કરે છે. આમ ફિલસૂફી એ મનની સાચી દવા છે - **પ્લાટાર્ક**
- પ્રાર્થના એટલે બધી રીતે નાલાયક એવા અરજદારની પોતાની એકલાના માટે સૃષ્ટિના નિયમો બદલી નાખવાની અરજી - **એમ્બ્રુસ બિવર્લે**
- આજનું ઔષધ : નાસપતીના પાનને ચામાં નાખીને પીવાથી મૂત્રરોગની સામાન્ય સમસ્યા દૂર થાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

કોઈ પણ પ્રકારના પ્રલોભન અને ખુદાના સ્મરણ વગર ક્ષણ માત્ર પણ રહી ન શકાય એ જ સાચી બંદગી છે. એક માણસે સંત રાબિયાને પૂછ્યું, 'તમે ખુદાની બંદગી કરો છો તેની પાછળ તમારો હેતું છે.' સંત બારિયા એ પોતે નાના હતા અને મોટા શેઠને ત્યાં ગુલામ તરીકે કામ કરતા તે વાત જણાવતા કહ્યું, 'હું જયાં ગુલામી હતી ત્યાં બીજા પણ ઘણા ગુલામો હતા. મોટા ભાગના ગુલામો શેઠ ગુસ્સે થશે અને સજા ફટકારશે એ ડરના કારણે મજૂરી કરતા હતા, જયારે બીજા કેટલાક ગુલામ, જો આપણે બરાબર કામ કરી શું તો શેઠ આપણા ઉપર રાજી થઈને કંઈક ઈનામ આપશે. એ પ્રલોભનથી તેઓ સારું કામ કરતાં હતા, આ બંને પ્રકારની માન્યતા ધરાવતા ગુલામો શેઠની હાજરીમાં જ બરોબર સારી રીતે કામ કરતાં અને શેઠની ગેરહાજરીમાં કામચોરી કરી બેસી રહેતા.' રાબિયાએ આગળ વાત કરતા કહ્યું, 'અરે ખુદાના બંદા, ખુદા તો આપણા માલિકનો પણ માલિક છે. આપણે કોઈ પ્રલોભન ને વશ થઈને એની બંદલી કરીએ તો એ સાચી બંદગી નથી. ખઉદા આપણા સહુનો માલિક છે. એનું આપેલું આપણે ખાઈએ છીએ, પીએ છીએ, છતા અહેસાન કદી માનતા નથી. તેના વચનોને આપણે અનુસરતા ન હોઈએ તો તે ખુદાની સાચી બંદગી નથી.' પેલા માણસને સંતની વાત સમજાઈ.

જય સરદાર... જય કિસાન...

તંત્રીસ્થાનેથી...

સરદાર પટેલને અખંડ ભારતના શિલ્પી અને લોહપુરુષ જેવાં વિશેષણો દ્વારા ગૌરવાન્વિત કરાતા રહ્યા છે એમાં ઔચિત્ય છે. એમને વડાપ્રધાન ન બનવા દેવાયા એમાં કોંગ્રેસ જવાબદાર નહોતી. એ માટે દોષ આપવો હોય તો માત્ર અને માત્ર મહાત્મા ગાંધીને જ આપવો પડે. ગાંધીજીનો શબ્દ એ તત્કાલીન કોંગ્રેસ માટે આદેશ ગણાયો હતો. એમને પંડિત નહેરુ જવાહરલાલ નહેરુ જેવા પ્રમાણમાં યુવાન નેતા દેશનું સુકાન સંભાળે એમાં દૂરંદેશી ભર્યું ઔચિત્ય વરતાયું હતું અને એમનો આગ્રહ બધાએ સહર્ષ માથે ચડાવ્યો હતો. સરદાર વડાપ્રધાન ન બન્યા પરંતુ વડાપ્રધાન પછીની નંબર ટુ વાળી ગૃહપ્રધાનની જવાબદારી સાથે એમને નાયબ વડાપ્રધાનપદની નવાજેશ કરાઈ હતી. રાજયોનાં પ્રશ્નો હલ કરવાની શિરોવેદના સરદાર પટેલને સહન કરવાની હતી. એમણે એ કપરી જવાબદારી બખૂબી નિભાવી જાણી. હૈદરાબાદ, જોધપુર અને જૂનાગઢની સમસ્યાઓ નાનીસૂની નહોતી. એ બધાથી વધુ આકરી કસોટી જમ્મુ અને કાશ્મીર પ્રશ્ને મોં ફાડીને ઊભી હતી. સરદારે આ તમામ સમસ્યાઓ પરત્વે ગંભીર અભિગમ અપનાવી વેરવિખેર રજવાડાંને ભારતીય સંઘ (ફેડરેશન ઑફ સ્ટેટ્સ) સાથે જોડી સાચા રાષ્ટ્રનાયકને છાજે એવું મહત્ત્વપૂર્મ યોગદાન આપ્યું અને આઝાદી પછી માંડ સાડા ત્રણ વર્ષમાં તો પરલોક સિધાવ્યા. એમના આ મહાન પ્રદાન છતાં 'ભારત રત્ન' જેવું રાષ્ટ્રીય બહુમાન એમને સમયસર નહીં અપાયું તેમાં નહેરુની કિન્નાખોરી હતી. ઈંદિરા ગાંધીની હત્યા પછી રાજીવ ગાંધી સત્તા પર આવ્યા અને એમની પણ હત્યા થઈ તે પછી રાજીવ ગાંધીની સાથે સરદાર પટેલને આ સન્માન એનાયત થયું એ કોઈ પણ ભારતીય નાગરિકને કઠે એવી બાબત હતી. વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સરદાર પટેલની વિશ્વમાં સૌથી ઊંચી પ્રતિમા સરદાર સરોવર ખાતે સ્થાપિત કરવાનો નિર્ણય આવકારદાયક છે પણ ખેડૂતોએ ઠેર ઠેર નીકળેલી એકતા યાત્રાને આપેલ ઠંડો પ્રતિસાદ અને અનેક આસપાસનાં ગામોએ પાળેલ બંધ ચિંતાજનક છે. સરદારને ખરી અંજલિ ખેડૂતોના પ્રશ્નો હલ કરીને જ આપી શકાય.

દેશના કિસાનોના પ્રાણપ્રશ્નોને ઉકેલી સરદારનો સાચી શ્રદ્ધાંજલિ આપવાનો અભિગમ અપનાવાય તો સોનામાં સુગંધ ભળે એમ કહી શકાય. ખેતી અને ખેડૂત દેશના અર્થતંત્રના પાયામાં છે. અને સરદારકના વિચારોને ચરિતાર્થ કરવાનો પ્રાથમિક અધ્યાય ગણાશે. આવો, સરદાર પટેલની વિશ્વની ઊંચી પ્રતિમાના અનાવરણ સાથે સાથે ખેડૂતોના પ્રશ્નોના ઉકેલોનું પણ અનાવરણ કરીએ.

જય સરદાર... જય કિસાન...

ફુડ સેફટી એકટ-૨૦૬

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ભારતમાં ફુડ સેફટી એકટના કાયદાનું બંધારણ એવી રીતે ઘડવામાં આવ્યું છે કે નાના વેપારીઓ કચડાઈ જાય અને મલ્ટીનેશનલ કંપનીઓને ફાયદો થાય.

બ્રાન્ડેડ અને નોનબ્રાન્ડેડ વસ્તુઓ વચ્ચેની ભેદરેખામાં ફુટ સેફટી એકટ અટવાતો રહે છે. મલ્ટીનેશનલ કંપનીના ખાદ્ય પદાર્થો પછી ભલે તે બકવાસ હોય તેને બ્રાન્ડેડ ખાદ્ય વસ્તુમાં ગણવામાં આવે છે. જયારે દેશી કંદોઈએ બનાવેલ મીઠાઈ, ફરસાણને નોનબ્રાન્ડેડ ખાદ્ય પદાર્થ તરીકે ગણી તેને ભારતના ફુડ સેફટીના નિયમો લાગુ પાડવામાં આવે છે. ભારતમાં ૧૨ લાખ કરતા વધારે વાર્ષિક ટર્ન ઓવર ધરાવતા ખાદ્ય પદાર્થના વેપારીઓએ ફુડ સેફટી લાયસન્સ લેવું ફરજીયાત છે. વડાપાવની લારીવાળાનું ટર્નઓવર પણ વાર્ષિક ૧૨ લાખ કરતા વધારે હોય છે તેને લાયસન્સ ઉપરાંત ઈન્કમ ટેક્ષ, સેલ્સ ટેક્ષ, એકસાઈઝ ટયુટી, પ્રોફેશનલ ટેક્ષ, જીએસટી વિગેરેમાં આવરી લેવામાં આવે છે.

નાના વેપારી જે યુનિટમાં વેપાર કરતો હોય તેના માલીક પાસેથી નો ઓબ્ઝેકશન સર્ટીફિકેટ મેળવવું પડશે જે દુકાનના માલીકો અને વેપારી વચ્ચે વર્ષોથી ભાડાના મામલા કોર્ટમાં હોય તે કયા નો ઓબ્ઝેકશન સર્ટીફિકેટ લેવા જશે આવા વેપારીઓએ દુકાન જ બંધ કરવાનો જ વારો આવશે.

લાયસન્સ વગર ધંધો કરતા હોય તો વેપારીને છ માસની જેલ અને પાંચ લાખનો દંડ અગર તો બન્ને કરી શકે છે. જે વેપારીને ખાદ્ય પદાર્થના વેચાણ કરવા માટે લાયસન્સ જોઈતું હોય તો તેવા વેપારીએ સાયન્સ ગ્રેજયુએટને ફરજીયાત નોકરીમાં રાખવો પડશે. ફુટપાથ ઉપર વેચાણ કરતા ફેરીયાઓ રજીસ્ટ્રેશન નહિ કરાવે તો બે લાખ સુધીનો દંડ થશે વેપારીએ પોતાના ત્યાં નોકરી કરતા કર્મચારીનું ફરજીયાત મેડિકલ ચેકઅપ કરાવવું પડશે. મહારોગમાં પીડાતાને નોકરી રાખી શકાશે નહિ.

ખાદ્ય પદાર્થમાં કોઈપણ જંતુનાશક દાવાઓ અથવા એન્ટીબાયોકીક દવાના અંશો જોવા મળશે તો એ વેપારી સામે ગુન્હો બનશે. કોઈ વેપારી દુકાનમાં ઘઉં વેચે તો ગ્રાહક લેબોરેટરી કરાવે અને તેમાં જો એ ન્ટીબાયોટીક જણાય તો વેપારી દંડાશે પરંતુ આમા ઘઉંમાં એન્ટીબાયોટીક તો ખેડૂતોએ નાંખેલા હોય તેમ છતાં દંડાશે વેપારી આવા વેપારીને છ માસની સજા થશે. જો જંતુનાશક દવાનો આટલીજ હાનીકારક હોય તો જંતુનાશક દવાનું ઉત્પાદન જ કેમ બંધ કરતા નથી?

કોઈપણ લેબલ વગરનો ખાદ્ય પદાર્થ વેચાણ કરી શકાશે નહિ. હાલમાં દેશની મધ્યમ વર્ગની સ્ત્રીઓ ઘરે બેઠા ફરસાણ, અથણા, પાપડ, ખાખરા બનાવી નોનબ્રાન્ડેડ વસ્તુ તરીકે વેચાણ કરી ગુજરાન ચલાવે છે. હિકકતમાં તો એ બ્રાન્ડેડ વસ્તુઓ કરતા પણ સારી ગુણવત્તા ધરાવે છે તો પણ આ બધા ધંધાઓ હવેથી ગેરકાયદેસરની વ્યાખ્યામાં ગણાશે તેના માટે છ મહિનાથી લઈ આજીવન કારાવાસની સજા ફરમાવવામાં આવશે.

હાલમાં દેશમાં ૫૬ પ્રયોગશાળાઓ છે ૧૨૦ પ્રયોગશાળાની જોગવાઈ છે. આખા ભારતમાં પ્રયોગશાળા ખોલવામાં ના આવે ત્યાં સુધી સમય મર્યાદામાં ફુડ સેમ્પલનું ટેસ્ટીંગ થતું નથી પરિણામે ધાર્યા રીઝલ્ટ મળતા નથી અને પાડાના વાંકે પખાલીને ડામ જેવું તંત્ર વર્તન કરે છે. બુંદી લાડુ, મોહનથાળ, કાજુકત્રી જે દેશી મીઠાઈવાળા વેચે છે તે નોનબ્રાન્ડેડની વ્યાખ્યામાં લઈ ફુડ સેફટી એકટ લાગુ પડે છે જયારે ચોકલેટ નેકસલે, ડેરીમીલ્કને બ્રાન્ડેડ ગણી સેમ્પલ લેવામાં આવતા નથી પછી ભલે તે આઉટ ઓફ ડેટ સ્ટોક હોય કે હલકી ગુણવત્તાવાળી હોય.

ફુડ સેફટી એકટનો હેતુ પ્રજાના આરોગ્યનું રક્ષણ કરવાનો છે વેપારીને પરેશાન કરવાનો નથી. પ્રજાના આરોગ્યના રક્ષણની જવાબદારી કોઈએ સરકારને સોંપી નથી પરંતુ સરકારમાં તે નિભાવવાની ત્રેવડ પણ નથી, પ્રજાના રક્ષણના બહાને અધિકારીઓને રાક્ષસી સત્તા સોંપવાથી અધિકારીઓ વેપારી પાસેથી તગડી મલાઈ પડાવે અને અધિકારી રાજ અમલમાં મુકાય છે. જે કાયદાઓ ઘડવામાં આવ્યા છે તેનો ખરેખર અમલ પ્રજા કે વેપારી માટે શકય જ નથી આવા કાયદાઓને મનસુફીથી તોડીને મુકવાથી પ્રજા ગુન્હાહીત લાગણી સાથે જીવ્યા કરે છે અને આ રીતે ગુલામ રાખવામાં સરકારને પ્રજાની સલામતી લાગે છે?

ખાદ્ય પદાર્થનો ધંધો કરતા ફેરીયાઓએ છાપેલા ફોર્મમાં બાંહેધરી આપવી પડશે કે ખાદ્ય પદાર્થમાં કોઈ ભેળસેળ નથી અથવા આરોગ્યને હાની પહોંચે તેવા પદાર્થ વાપરેલ નથી. પાણીપુરીવાળો ફેરીયો કંદોઈના ત્યાંથી સેવ લાવે તો આવી ગેરન્ટી તેને મળતી નથી, બટાકામાં જંતુનાશક દવા નથી તે બકાલાવાળો લખી આપવા તૈયાર નથી આ બધો સામાન ભેગો કરી પકોડી વેચે તો પકોડીવાળાને ફોર્મ ભરવું ફરજીયાત છે અને સેમ્પલ તેના ત્યાંથી પકડાય તો પકોડીવાળો જવાબદાર બને છે અને તેને દંડવામાં આવે છે.

કોઈપણ વસ્તુનું બીલ વેપારી નહિ આપે તો ગુન્હો ગણાશે, શાકભાજી, ફરસાણવાળાને ત્યાં કોઈ બીલ લેવા ઉભું રહે છે? આવા સંજોગોમાં અધિકારીઓને બેફામ ભ્રષ્ટાચાર કરવાની અબાધીત સત્તા આપવામાં આવીછે. સારી ઉત્પાદન પ્રક્રિયા, સારી સ્વાસ્થ્ય પ્રક્રિયાઓ જોખમકારક પૃથ્થકરણો અને કટોકટીના અંકુશ પોઈન્ટનો સ્વીકાર અને આવી બીજી પ્રથાઓ જે ખાદ્ય ચીજનના ધંધા

અનુસંધાન પાના નં ૭ પર

આપણી સંવેદનાઓને શું થઈ ગયું છે એ વિચારવાયોગ્ય બાબત છે

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

ગંધની લહેરો સૌ વારતા કહી દે છે,
શહેરમાં થયું શું એ હવા કહી દે છે...
હામ હોય તો વાંચો ભીની આંખ આબવાની
ઊજળા જનોની એ સભ્યતા કહી દે છે.

- દીપક બારડોલીકર

આજે આ શહેરમાં શું થઈ રહ્યું છે ? આપણી સંવેદનાઓને શું થઈ ગયું છે એ વિચારવાયોગ્ય બાબત છે. પંજાબમાં બનેલી દુર્ઘટના વિષે વિચારતાં જ કમકમાટી આવી જાય કે કઈ રીતની આ તહેવારની ઊજવણી ? ભારત શું છે ભારતનો અધ્યાત્મ વારસો શું છે એ બધું ભૂલીને મોબાઈલ અને પશ્ચિમીકરણના રવાડે ચડીને આપણે કેટલા ગેરમાર્ગે દોરાઈ ગયા છીએ ! કવિશ્રી ન્હાનાલાલ લખે છે :

ભારતનાં સંતાનો !

સાગરને તીરે એક બંદર છે. બંદરમાંથી સેંકડો નૌકાઓ દિશદિશામાં સફર ખેડવા સંચરે છે. કોઈ માલ લઈને જાય છે, કોઈ માલ લઈને આવે છે. ભારતના બંદરેથી શો માલ લઈ જઈને જગ-બંદરોમાં આપશો ? નિકાસ ને આયાત તમે શેની કરશો ? કાળ ને અવકાળના મહાસાગરોને ખેડનારી તમે આત્મનૌકાઓ છો : શું લાવશો ? ને શું શું લઈ જશો ?

ભારતના આધ્યાત્મક - વહેવારિયાઓ ! ભારતની અધ્યાત્મ-સંસ્કૃતિનો વેપાર ખેડજો. હા, ભારતનો ભાર તમારે માથે છે; ભારતનું ભલું તમારા ભાગ્યમાં છે.

પણ ભારતનો ઉદ્ધાર ભારતવાસીઓને કાજે જ વાંછવો, તેયે શું એક સ્વાર્થ નથી ? ઉમદા સ્વાર્થ, પણ સ્વાર્થ જ છે.

શાણાઓ કહે છે કે આજ ભારત દુ:ખી છે, તેમ જગતેય દુ:ખી છે; આજ ભારત ભૂલું પડ્યું છે, તેમ જગતેય ભૂલું પડ્યું છે. જગતના ઉદ્ધારને કાજે, માનવજાતિનાં શુભને કાજે, ભારતનો ઉદ્ધાર વાંછજો !

●●●

જેવો વ્યક્તિધર્મ છે, નગરધર્મ છે, પ્રાંતધર્મ છે, દેશધર્મ છે, તેવો જ જીવનનો 'જગત' ધર્મ પણ છે. જેવો કાળધર્મ છે, તેવો શાશ્વત ધર્મ છે. આપણો ભારતસંતાનોનો શાશ્વત ધર્મ કિયો ?

ભારત પ્રસાર એ જ સહુ ભારતવાસીઓનો શાશ્વત ધર્મ. ભારતની અધઅયાત્મવલ્લભ સંસ્કૃતિ આત્મામાં ભરવી, ભારતીય સંસ્કૃતિને પોશક અધ્યાત્મતત્ત્વ જગતસંસ્કૃતિઓમાંથી ભારતમાં આણવું, અને એ અધ્યાત્મસમૃદ્ધ ભારતસંસ્કૃતિ જડવલ્લભ જગતમાં વિસ્તરવી : ભારતીય હો તે સહુનો એ નિત્યધર્મ છે. ખંડખંડમાંથી યુગયુગમાંથી ભારતીય સંસ્કૃતિને પોશક અધ્યાત્મતત્ત્વનાં સાત્ત્વિક ધન નૌકાઓ ભરીભરી આણવાં, ભારતીય સંસ્કૃતિનાં સાત્ત્વિક ધન મહાનૌકાઓ ભરીભરી દેશેદેશ પ્રજાપ્રજાને પાઠવવાં : એ જ ભારતવાસીઓનો શાશ્વત ધર્મ. ભારતભોમના વાસીઓ ! સુણશો ? - આતુર જગત આમંત્રે છે :

'ઊઠ, ઓ ભરતગોત્ર ! તુજ વાટ જુવે જો ! જગત કાળને ઘાટ'

ગુજરાતના જાહેર જીવનના સ્વાસ્થ્યની સાથે જેમને જરા સરખી પણ નિસ્બત હોય એમને અત્યારે ચૂપ રહેવાનું જોખમ લેવા જેવું નથી. હા, અત્યારે ચૂપ રહેવું એ એક જોખમ છે. ગુજરાત અસહિષ્ણુ બનતું જાય છે, કહો કે બની ગયું છે. તમારે નામે, આપણે નામે, લોકશાહીને લજવે એવી ટોળાંશાહી ગુજરાતને પગ તળે કચડી રહી છે. પરિણામે સમગ્ર પ્રજા ઝનૂની, નાદાન, વિચારવિહોણી અને ભયજનક રીતે અસહિષ્ણુ હોવાની છાપ દેશભરમાં ઊપસી રહી છે, જે વાસ્તવમાં સાચી નથી. જેમને આ બેફામ વર્તનનો વિરોધ હોય તેમને મૌન તોડવું પડે, અને સ્પષ્ટ બોલવું પડે. મૌનને પણ સંમતિલક્ષણ ગણવામાં આવે છે, તે યાદ રહે.

ગુજરાતના આ વલણ સામે સોલી સોરાબજીએ જે જોખમોનો નિર્દેશ કર્યો છે તેની સામે આપણે લાપરવાહ રહેવા જેવું નથી. એમનો મુદ્દો એકદમ સંગીન છે. સમજદાર અને અભિવ્યક્તિ-સ્વાતંત્ર્યમાં વિશ્વાસ રાખનારી પ્રજા જો નાનાં-નાનાં જૂથોની જોહુકમી સ્વીકારી લેશે તો ભવિષ્યમાં ટોળાંની સંમતિ વગર કોઈ પણ કલાકાર, લેખક યા જાહેર જીવનમાં પડેલી વ્યક્તિ પોતાના વિચારો વ્યક્ત નહીં કરી શકે. જો તમે અમારી સાથે નથી, તો અમારી વિરુદ્ધમાં છો અને તેથી માર ખાવાનો પાત્ર છો, એવો ઉદ્દંડ અભિગમ વિચાર-શૂન્યતાનું સીધું પરિણામ છે. વર્ષો પહેલાં એક તમિલ ફિલ્મની રજૂઆત સમયે કંઈક આવો જ વિવાદ ઊભો થયો હતો. તે વખતે સુપ્રીમ કોર્ટે આપેલો ચુકાદો પણ સોલી સોરાબજીએ યાદ દેવડાવ્યો છે. આ ચુકાદા મુજબ અભિવ્યક્તિની સ્વતંત્રતા જળવાય તે જોવાની રાજય સરકારની ફરજ છે. આ સંદર્ભે રાજય સરકાર પોતાની અશક્તિ જાહેર કરી શકે નહીં. આ સ્વતંત્રતા સચવાય એ જોવાનું સરકાર માટે ફરજિયાત છે.

ગુણવંતી ગુજરાત - ગાંધી - સરદાર, નર્મદ-મેઘાણીની ગુજરાત પાસે જે કંઈ ડહાપણ બચ્યું હોય, અને હજી સુધી રાજકીય હઠાગ્રહ કે સંકુચિતતાની ઝાળ એને ન લાગી હોય, એ ડહાપણનો વ્યવહારમાં ઉપયોગ કરવાનો આ સમય છે. સાહિત્યની ઉપાસના, કલાની સાધના, કાવ્યતત્ત્વનું સેવન, રંગભૂમિનો ભેખ, સેવાનું તપ, આમાંનું કશું જ ગુજરાતને અજાણ્યું નથી. પણ અત્યારે તો ગુજરાત એટલે ઝનૂન અને ટોળાશાંહી, વિચારહીન વર્તન અને અપરિપકવતા, અસહિષ્ણુતા અને નિરંકુશ વ્યવહાર, એવો જ સંદેશો ફેલાવવામાં આપણે સહુ જવાબદાર છીએ. ગુજરાતની પ્રજાનું આ ચિત્ર ઊભું કરવામાં સાડા છ કરોડમાંથી કેટલા ગુજરાતીઓને રસ છે એ તો જાણીએ !

- હિમાંશી શેલત
- nehalgadhavi101@gmail.com

ગુજરાતનો નરશાર્દૂલ નામે સ્વામી દયાનંદ સરસ્વતી

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

ભારતીય સપૂતોને યાદ કરીને નવી પેઢી એમના જીવનમાંથી પ્રેરણા લે એ હેતુસર એમનાં સ્મારકો અને પ્રતિમાઓની સ્થાપના થાય છે.હમણાં હમણાં તો વિશ્વમાં સૌથી ઊંચી પ્રતિમાઓ ઊભી કરવાની હોડમાં ભારત અગ્રક્રમે છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જેમ જ સ્મારકો અને પ્રતિમાઓના વિરોધી એવા રાષ્ટ્રનાયક સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વમાં સૌથી ઊંચી ૧૮૨ મીટરની ભવ્યાતિભવ્ય પ્રતિમાનું આગામી ૩૧ ઓક્ટોબરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને હસ્તે કેવડિયા ખાતે ઉદઘાટન કરવાના છે.પ્રતિમાની ઊંચાઈમાં આ વિશ્વવિક્રમને તોડવાની ઘોષણા મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કરી છે.તેમણે ''હિંદવી સ્વરાજ''ના પ્રણેતા એવા આદર્શ રાજવી છત્રપતિ શિવાજી મહારાજની ૨૧૨ મીટર ઊંચી પ્રતિમા મુંબઈના અરબી સમુદ્રમાં સ્થાપિત કરવાનો સંકલ્પ કર્યો છે. દેશભરમાં મહાત્મા ગાંધી, સરદાર પટેલ,પંડિત નેહરુ, નેતાજી સુભાષબાબુ, ડૉ.બાબાસાહેબ આંબેડકર, ઈન્દિરા ગાંધી સહિતનાં મહાનુભાવોની પ્રતિમાઓ છે.ગુજરાતના સપૂત પંડિત શ્યામજી કૃષ્ણવર્માની પ્રતિમા સહિતનું સ્મારક પણ કચ્છમાં સ્થાપિત કરાયું છે. દર વર્ષે ૩૧ ઓક્ટોબર સરદાર પટેલ જયંતી અને શ્રીમતી ઈન્દિરા ગાંધીના શહીદ દિન તરીકે મનાવાય છે,પરંતુ ૩૧ ઓક્ટોબરે આ ફાની દુનિયા છોડી ગયેલા ગુજરાતના મહાન સપૂત અને પંડિત શ્યામજી કૃષ્ણવર્મા જેવા અનેક ક્રાંતિકારીઓના પ્રેરણામૂર્તિ એવા સ્વામી દયાનંદ સરસ્વતીને કેમ વિસારે પાડવામાં આવે છે, એ પ્રશ્ન થવો સ્વાભાવિક છે.

હિંદુ પ્રજાને જગાડવા હળાહળ

સૌરાષ્ટ્રના ટંકારાના બ્રાહ્મણ પરિવારમાં જન્મેલા મૂળશંકર ત્રિવેદીમાંથી સ્વામી દયાનંદ સરસ્વતી તરીકે દુનિયાભરમાં જાણીતા થયેલા સંતે મૂર્તિપૂજાના વિરોધ સાથે સનાતન ધર્મનો ડંકો વગાડવા માટે આર્ય સમાજની છેક ૧૮૭૫માં મુંબઈમાં સ્થાપના કરીને નવચેતનાનું મોજું પ્રસરાવ્યું હતું. સ્વામી દયાનંદ વિશે ક્રાંતિકારી સંત સ્વામી સચ્ચિદાનંદે નોંધેલા શબ્દો અહીં ટાંકવાનું મન થાય છે: ''ગુજરાતમાં એક નર શાર્દૂલ થયો પણ ગુજરાતી પ્રજા તેને ઓળખી ન શકી.પંજાબ-દિલ્હી તરફ તે સિંહગર્જના કરતો રહ્યો, હિંદુ પ્રજાને જગાડવા-જીવાડવા તે વારંવાર ઝેર પીતો રહ્યો, જયારે ગુજરાતની પ્રજા કુગુરુઓને ભગવાન સમજીને પગ ધોઈને પીતી રહી.'' મથુરામાં દંડીસ્વામી વિરાજાનંદજી પાસેથી અષ્ટાધ્યાયીના અધ્યયને દયાનંદ માટે નવી દિશા ખોલી આપી.અંગ્રેજોનું રાજ્ય હોવા છતાં તેમણે સ્વરાજનો મહિમા ગાયો અને સ્વરાજ માટે પ્રેરણા આપી.કોઈ પણ રીતે વ્યક્તિપૂજા ન થઈ જાય તેની તકેદારી રાખી.

સ્વામીથી પ્રભાવિત મહાપુરુષો

પુણેની બુધવાર પેઠમાં ૪ જુલાઈથી ૪ ઓગસ્ટ ૧૮૭૫ દરમિયાન સ્વામી દયાનંદ સરસ્વતીએ આપેલાં ૧૫ વ્યાખ્યાનોના રાજપાલ સિંહ શાસ્ત્રીએ કરેલા સંપાદન ''ઉપદેશ-મંજરી''માં છેલ્લે એ વેળા ૫૦ વર્ષીય સ્વામીએ પોતાની બાલ્યાવસ્થાથી જીવનની સંઘર્ષગાથા વર્ણવી છે. એમના શબ્દોમાં જ કહીએ તો, ''હું ઉદીચ્ચ બ્રાહ્મણ છું. ઉદીચ્ચ બ્રાહ્મણ સામવેદી હોય છે.પરંતુ મેં ખૂબ મુશ્કેલીથી યજુર્વેદનું અધ્યયન કર્યું હતું. મારા ઘરમાં સારી એવી જમીનદારી છે...આ મારો જીવનનો પાછલો ઈતિહાસ છે,આર્ય-ધર્મની ઉન્નતિ માટે મારા જેવા બહુ જ ઉપદેશકો આપણા દેશમાં હોવા ઘટે.'' સ્વામીના વિચારોથી પ્રભાવિત મહાપુરુષોની સંખ્યા ખૂબ મોટી રહી એટલું જ નહીં, ગુરુ સ્વામી વિરાજાનંદ અને સ્વામી દયાનંદ સરસ્વતીની પ્રેરણાથી જ છેક ૧૮૫૫માં જ ''ફિરંગી સરકારની બેડીઓમાંથી મા ભારતીને મુક્ત કરાવવા માટે યોજના બનવા માંડી હતી'', એ પછી ૧૮૫૭ના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામે આકાર લીધો. એમના જીવનના ૧૮૫૭થી ૧૮૬૦ના સમયગાળાના ઝાઝા ઉલ્લેખ મળતા નથી.જોકે એમણે નાનાસાહેબ પેશવા, તાત્યા ટોપે જ નહીં, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ સાથે પણ ક્રાન્તિપૂર્વ આયોજન માટે દીર્ઘ મંત્રણા કરીને પ્રેરણા આપી હતી. સ્વામી દયાનંદને ગુમવેશે મળેલા ધોન્ડોપંત (નાનાસાહેબ પેશવા), બાળાસાહેબ, અજીમુલ્લા ખાન, તાત્યા ટોપે અને જગદીશપુરના રાજવી કુંવર સિંહ સ્વામી સાથેની મંત્રણાઓના પરિણામે જ ૧૮૫૭ની ક્રાંતિમાં સાધુ-સંતોનો ટેકો મળ્યો હતો. જોકે એ ક્રાંતિને સફળતા ભલે ના મળી, સ્વામી દેશના અનેક મહાન વ્યક્તિત્વો માટે પ્રેરણામૂર્તિ બની રહ્યા એ હકીકત છે. એ મહાન વ્યક્તિત્વોમાં મેડમ ભીકાજી કામા, સ્વામી શ્રદ્ધાનંદ, પંડિત ગુરુદત્ત વિદ્યાર્થી, શ્યામજી કૃષ્ણવર્મા, વિ.દા. સાવરકર, લાલા હરદયાળ, મદનલાલ ધીંગરા, રામ પ્રસાદ બિસ્મિલ, મહાદેવ ગોવિંદ રાનડે, મહાત્મા હંસરાજ, લાલા લજપતરાય વગેરેનો સમાવેશ હતો. વડાપ્રધાન મોદીએ ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૬ના રોજ સ્વામીના જન્મોત્સવ નિમિત્તે હિમાચલ પ્રદેશમાં સ્વામી દયાનંદ સરસ્વતીને ભવ્ય અંજલિ અર્પતાં ૧૮૫૭ની પાર્શ્વભૂમાં તેમણે ૧૮૭૫માં આર્ય સમાજની સ્થાપના કર્યાનો ગૌરવભેર ઉલ્લેખ કર્યો હતો.

- *૩૧ ઓક્ટોબરે સરદાર પટેલ - ઇન્દિરા ગાંધીને સ્મરીએ છીએ, પણ આર્ય સમાજના સંસ્થાપક વીસરાયા*
- *સ્વામી વિરાજાનંદ - સ્વામી દયાનંદ સરસ્વતીની પ્રેરણાથી ૧૮૫૭ના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામે આકાર લીધો*
- *વડાપ્રધાન મોદીએ ૨૦૧૬માં દયાનંદજીને ભવ્ય અંજલિ અર્પી,પણ જન્મસ્થળ ટંકારા હજુ તીર્થભૂમિ નહીં*
- *સ્વામીએ ૧૮૭૫માં પુણેમાં કહ્યું,બ્રાહ્મણ કે ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણેય વર્ણોના ઘરમાં શૂદ્ર રસોઈયા રહેતા*

આર્ય સમાજને ૨૦૨૫માં ૧૫૦ વર્ષ

સ્વામી દયાનંદ સામે પૂર તરનારા હતા. આર્ય સમાજની સ્થાપનાને વર્ષ ૨૦૨૫માં ૧૫૦ વર્ષ પૂરાં થશે.સ્વામીએ આર્ય સમાજની સ્થાપનાના વર્ષમાં કેટલા ક્રાંતિકારી વિચારો પોતાનાં સત્યન્વેશી ભાષણોમાં મૂક્યા અને આજે પણ એ કેટલા પ્રસ્તુત છે એનો વિચાર કરવા જેવો ખરો.ગુજરાતના આ સપૂતના ક્રાંતિકારી વિચારોને આજે પણ ગુજરાત અને ગુજરાતીઓ પચાવી શકવાની સ્થિત